# Meeting in Doha

August 31, 2021

---

# દોહા ખાતે બેઠક

ઓગસ્ટ 31, 2021

કતાર ખાતે ભારતના રાજદૂત દીપક મિત્તલ આજે દોહામાં તાલિબાનની રાજકીય કચેરીના વડા શેર મોહમ્મદ અબ્બાસ સ્તાનેકઝાઈ સાથે મુલાકાત કરી હતી. તાલિબાન તરફથી વિનંતી કરવામાં આવ્યા બાદ આ બેઠક દોહા ખાતે ભારતીય દૂતાવાસમાં મળી હતી.

2. બેઠકમાં અફઘાનિસ્તાનમાં ફસાયેલા ભારતીયોની સુરક્ષા, સલામતી અને તેમની વહેલી તકે વાપસી અંગે ચર્ચા કરવામાં આવી હતી. ભારત આવવા માંગતા અફઘાન નાગરિકો, ખાસ કરીને લઘુમતી અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

3. ભારતીય રાજદૂત મિત્તલે એવો મુદ્દો ઉઠાવ્યો હતો કે ભારત વિરોધી પ્રવૃત્તિઓ અને ત્રાસવાદ માટે કોઈ પણ રીતે અફઘાનિસ્તાનની ભૂમિનો ઉપયોગ થવો ન જોઈએ.

4. તાલિબાન પ્રતિનિધિએ રાજદૂતને ખાતરી આપી હતી કે આ મુદ્દાઓ પર હકારાત્મક રીતે ધ્યાન આપવામાં આવશે.

**નવી દિલ્હી**
**ઓગસ્ટ 31, 2021**

**DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.**